# આખે આખું પોલીસ તંત્ર વાઈબ્રન્ટમાં જોતરાયું પણ હોમગાર્ડઝના જવાનો બેકાર

ગાંધીનગર તા.૨૯

ગાંધીનગરમાં વાઈબ્રન્ટ સમિટની તૈયારીઓ ખૂબ જ ધમધોકાર ચાલી રહી છે. અને સમગ્ર પોલીસ તંત્ર આ કામગીરીમાં ખડે પગે લગાડી દેવામાં આવ્યું છે. પરંતુ પોલીસની સહાય માટે દિવસ-રાત્રિ, ઠંડી-ગરમી કે વરસાદ જોયા વગર સતત સાથ આપનાર હોમગાર્ડઝના જિલ્લામાં ૧૨૦૦ જવાનોમાંથી માંડ ૪૦૦ જવાનોને મહિનામાં માત્ર ૧૦ દિવસ જેટલી જ ફરજ રોજગારી અપાય છે. જયારે બાકીના ૮૦૦ જવાનોને તો એ પણ નસીબમાં નથી. વાઈબ્રન્ટની તૈયારીમાં વ્યસ્ત પોલીસના કારણે જિલ્લામાં નાના-મોટા ગુનાઓનું પ્રમાણ વધવા પામ્યું છે. છતાં ઓછા માનદ વેતનથી ફરજ બજાવતા હોમગાર્ડઝના જવાનોને કામ સોંપાતુ નથી. જેના કારણે તેમના પરિવારોને આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

**જિલ્લાના હોમગાર્ડઝના ૧૨૦૦ માંથી માત્ર ૪૦૦ જવાનોને ફરજ સોંપાય છે. તે પણ મહિનાના માંડ દસેક દિવસ : પોલીસની વ્યસ્તતાને કારણે ગુનાઓ વધવા છતાં ઓછા વેતને કામ કરતા હોમગાર્ડસની અવગણના : જવાનોના પરિવારની મહિલાઓએ આંદોલનની ચિમકી સાથે સરકાર સમક્ષ ઘા નાંખી**

હાલ પાટનગરમાં જયાં નજર કરો ત્યાં ખાખી વર્દી તૈનાત જોવા મળી રહી છે. મજૂરો-સફાઈ કામદોરો પણ વાઈબ્રન્ટની તૈયારીમાં વ્યસ્ત છે. દરેકને રોજગારી મળી રહી છે. પરંતુ જિલ્લામાં નિસ્વાર્થ ભાવે માનદવેતનથી ફરજ બજાવતા હોમગાર્ડઝના જવાનોને મહિનાના દસ દિવસની પણ રોજગારી મળતી નથી. જેના કારણે આ જવાનોના પરિવારોમાં પણ આ પ્રવૃત્તિ તરફ નકારાત્મક વલણ પ્રસરી રહ્યુ છે. પોલીસ તંત્ર આખે આખુ વાયબ્રન્ટ માં જોતરાયું છે. તેથી પોલીસ સ્ટેશનો બિનવારસી ભાસી રહ્યા છે. જિલ્લામાં પશુ ચોરી, ,ઘરફોડ ચોરી, દોરાંની ચીલઝડપ, વાહનચોરી જેવા ગુનાઓનું પ્રમાણ વધી જવા પામ્યું છે અને વાઈબ્રન્ટના નામે પ્રજાના જાન-માલ મિલ્કતને રેઢી મુકી દેવામાં આવી છે.

આમ છતાં વર્દીધારી શિસ્તદળના સૈનિક જેવા હોમગાર્ડઝના જવાનો પ્રત્યે તંત્ર દુર્લક્ષ સેવી રહ્યું છે તે આશ્ચર્યની વાત છે.

પુરતી રોજગારી નહી મળવાને કારણે આ જવાનોને ઘરમાં પરિવારના સભ્યોને જવાબ આપવો મુશ્કેલ થઈ પડયો છે. અને આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. જો સત્વરે આ જવાનોને ફરજ નહી સોંપાય તો તેમના પરિવારોની મહિલાઓ આગામી દિવસોમાં મહિલા સશકિતકરણના નામે સરકાર સામે રણશિંગુ ફુંકશે તેવી ચિમકી ઉચ્ચારાઈ છે. આ જવાનોની મહિલાઓએ સરકાર સામે મેદાને જંગ ખેલવાની તૈયારીઓ કરી લીધી છે. ત્યારે સત્વરે આ જવાનોને પુરતી રોજગારી અપાય તેવી માંગ પ્રવર્તી રહી છે.



## શાહપુરની આદર્શ પ્રા. શાળાના વિદ્યાર્થીઓએ પ્રકૃતિ શિબિર માણી

ગાંધીનગર તાલુકાના શાહપુરની આદર્શ પ્રાથમિક શાળાના ધો-૭ અને ૮ના વિદ્યાર્થીઓને વન્ય જીવ સૃષ્ટિને જાણવા અરણ્ય ઉદ્યાન ખાતે પ્રકૃતિ શિબિરમાં ભાગ લીધો હતો. આ શિબિર ગીર ફાઉન્ડેશનના સહયોગથી યોજવામાં આવી હતી. આ શિબિરમાં કુલ ૨૧ વિદ્યાર્થી અને ૨ શિક્ષકો સામેલ થયા હતા. આ શિબિર તા. ૨૬ થી ૨૮ ડિસેમ્બર ૩ દિવસ માટે યોજવામાં આવી હતી. વિદ્યાર્થીઓ વન વિભાગની વિવિધ પ્રવૃત્તિઓ, વન્ય જીવ સૃષ્ટિની વિવિધતા અને પ્રકૃતિ શિક્ષણથી માહિતગાર થાય તે હેતુથી આ શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં વિદ્યાર્થીઓએ પ્રકૃતિ સંરક્ષણ કઈ રીતે કરી શકાય તેમજ વન્ય જીવસૃષ્ટિમાં કેવી વિવિધતા રહેલી છે તે અંગે ઉપયોગી માહિતી પ્રાપ્ત કરી હતી. આ શિબિરમાં કેમ્પ ફાયર, પ્રકૃતિ સંરક્ષણ અંગે ટેલીફિલ્મ, વન વિચરણ દ્વારા જીવ સૃષ્ટિનું અવલોકન, પ્રકૃતિ શિક્ષણ અંતર્ગત નાટક અને સ્વચ્છ ભારત અન્વયે વનસફાઈ જેવી પ્રવૃત્તિઓ યોજવામાં આવી હતી. આ શિબિરમાં ગીર ફાઉન્ડેશનની ટીમ દ્વારા વિદ્યાર્થીઓને ઉત્કૃષ્ઠ માહિતી તેમજ એક માહિતી પુસ્તિકા અને પ્રમાણપત્ર એનાયત કરાયાં હતાં.

## નાણાં વિભાગની ટીમ મહેસુલ વિભાગને હરાવી આંતર વિભાગીય ટુર્નામેન્ટની સેમી ફાઈનલમાં

ગાંધીનગર, તા.૨૯

આંતર વિભાગીય સચિવાલય ક્રિકેટ ટુર્નામેન્ટની કવાર્ટર ફાઈનલ મેચમાં સોમવારે નાણાં વિભાગની ટીમે મહેસુલ વિભાગને ૭૧ રને હરાવી સેમીફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. આ મેચમાં ઓલ રાઉન્ડ દેખાવ કરવા બદલ દિલીપસિંહ રાજપૂતને મેન ઓફ ધ મેચ જાહેર કરાયાં હતાં.

આ મેચમાં પ્રથમ દાવ લેતા નાણાં વિભાગની ટીમે ૩૦ ઓવરમાં દિલીપસિંહ રાજપૂતના ઝંઝાવાતી ૮૫ રન અને કમલેશ સોલંકીના ૩૦ રનની મદદથી ૨૦૧ રનનો જંગી જુમલો ખડકયો હતો.

મહેસુલ વિભાગ વતી રાજેશ ઠાકોરે વિકેટ મેળવી હતી. જંગી જુમલાને પહોંચી વળવા ઉતરેલી મહેસુલ વિભાગની ટીમ ૨૮.૫ ઓવરમાં ૧૩૦ રન બનાવી ઓલ આઉટ થઈ જતા નાણાં વિભાગનો ૭૧ રને વિજય થયો હતો. મહેસુલ વિભાગે આ વિજય સાથે સેમી ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો હતો જયાં તેમની ટકકર ૧લી જાન્યુઆરીએ માર્ગ મકાન વિભાગની ટીમ સાથે થશે.

## પૃથા ફાઉન્ડેશનની સ્પેશિયલ બાળકો સાથે ક્રિસમસની ઉજવણી

ગાંધીનગર, તા.૨૯

ક્રિસમસ એટલે માનવજાતને પ્રેમ, શાંતિ અને આનંદ આપવાનું પર્વ. પૃથા ફાઉન્ડેશન દ્વારા સ્પેશિયલ ચિલ્ડ્રન હોમના બાળકો સાથે ક્રિસમસની ઉજવણી કરવામાં આવી હતી. ફાઉન્ડેશન દ્વારા બાળકોને વિવિધ ગેમ્સ રમાડવામાં આવી હતી તેમજ ગિફ્ટ વિતરણ અને અલ્પાહારનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકો તેમજ સંસ્થાના કાર્યકરોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## કલ્યાણજીના મુવાડામાં આજથી કુદરતી ઉપચાર શિબિર

કલ્યાણજીના મુવાડા તા.૨૯

દહેગામ તાલુકાના કલ્યાણજીના મુવાડા ગામે મેશ્વો નદીના કાંઠે ૧૦૦૦ વૃક્ષોથી ઔષધીવૃક્ષો-મૌન-ધ્યાનકુટિર તથા મૌન-શાંતિ માટે સંતોના પાવન પગલાથી સભર-ભોજન નિવાસની સુવિધાવાળું કલ્યાણધામ છે. કુદરતી ઉપચારો હિમાયતી તથા શિવામ્બુના ચિકિત્સાના અનુભવી ડાૅ.અમૃત પટેલ ઉંઝાવાળાના સંચાલનવાળી કુદરતી ઉપચાર શિબિર યોજાશે. એમ.એસ.યુનિવર્સિટીના યોગ એકયુપ્રેસરના નિયામક શ્રી દુષ્યંતભાઈ મોદી લોકનાદ શિક્ષણ સંકુલવાળા શતાયુ નાનજીદાદા હાજર રહેશે. શ્રી રામજીભાઈ પટેલ મો. ૯૮૨૫૪૮૪૭૯૫. ડાૅ.અમૃતભાઈ પટેલ મો.૯૪૨૬૫ ૧૧૪૯૨ નો સંપર્ક કરવા જણાવેલ છે.

## જે.બી. પ્રાથમિક શાળામાંથી કચ્છ પ્રવાસનું આયોજન

ગાંધીનગર, તા.૨૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત જે.બી. પ્રાથમિક શાળામાં કચ્છ પ્રવાસનુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળામાંથી ધોરણ૫-૬નાં ૧૫૦ જેટલાં બાળકો પ્રવાસમાં જોડાયા હતાં. પ્રવાસ દરમિયાન વિદ્યાર્થીઓએ કચ્છનાં વાંઢાઈ, આશાપુરા માતાનો મઠ, પાંધ્રો (કોલસાની ખાણ), નારાયણ સરોવર, કોટેશ્વર, ગોધરા-અંબાજી, માંડવી, અંજાર વગેરે સ્થળોની મુલાકાત લીધી હતી. વિદ્યાર્થીઓએ પ્રવાસ દરમિયાન લિગ્નાઈટ કોલસાનાં વિવિધ નમૂના નિહાળ્યા હતા. અને વિવિધ પ્રવાસન સ્થળોની માહિતી મેળવી આનંદ સાથે જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું.

## ૨જી જાન્યુઆરીએ બાળ પ્રતિભા શોધ સ્પર્ધા

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર જિલ્લા રમત ગમત અધિકારી દ્વારા આગામી ૨જી જાન્યુઆરીએ જિલ્લા કક્ષાની બાળ પ્રતિભા શોધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

ઓમકાર વિદ્યાલય સેકટર-૧૩ ખાતે ત્રણ વિભાગોમાં આ સ્પર્ધાઓ યોજાશે. ૭ થી ૧૦ વર્ષની વયના બાળકો માટે 'અ' વિભાગ ૭ થી ૧૩ વર્ષના બાળકો માટે 'બ' વિભાગ તેમજ ખુલ્લા વિભાગમાં કુલ સાત જેટલી સ્પર્ધાઓ યોજાશે.

વકતૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, એક પાત્રીય અભિનય, લગ્નગીત, ચિત્રકલા, લોકવાદ્ય સંગીત અને સર્જનાત્મક કારીગરીની સ્પર્ધાઓ યોજાશે. જે શાળાના બાળકો સ્પર્ધામાં ભાગ લેવા માગતા હોય તે શાળાના આચાર્યશ્રીએ બાળકોની જન્મ તારીખના પુરાવા સાથે સમયસર નિર્ધારિત કરાયેલ સ્કુલે પહોંચી જવું.

# વાઈબ્રન્ટ એકઝીબીશનમાં દારૂ લઈ જતા બે કોન્ટ્રાકટર ઝબ્બે

ગાંધીનગર, તા.૨૯

વાઈબ્રન્ટ સમીટને પગલે મહાત્મા મંદિર ઉપરાંત સેકટર-૧૭ એકઝીબીશન સેન્ટર ખાતે તડામાર તૈયારીઓ ચાલી રહી છે ત્યારે ડોમ જયાં બની રહ્યા છે ત્યાં એકઝીબીશન સેન્ટરમાં દારૂની બોટલો સાથે કાર લઈને ઘુસેલા બે કોન્ટ્રાકટરોને પોલીસે ઝડપી પાડયા છે. પોલીસે ચાર બોટલો સાથે બંને કોન્ટ્રાકટરોની ધરપકડ કરીને તપાસ શરુ કરી છે.

એક તરફ વાઈબ્રન્ટ એકઝીબીશન ખાતે ડોમ બનાવવાની યુધ્ધના ધોરણે કામગીરી ચાલી રહી છે. બીજી તરફ પોલીસે પણ આ વિસ્તારમાં સલામતીના હેતુસર જબરદસ્ત વોચ ગોઠવી દીધી છે. દરમિયાન આજે ટવેરા ગાડી લઈ એકઝીબીશન સેન્ટરમાં જઈ રહેલા બે કોન્ટ્રાકટરોની ગાડીનું પોલીસે ચેકીંગ કરતાં તેમાંથી ચાર વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. બે બોટલ બ્લેન્ડર્સ પ્રાઈડ, એક રેડ વાઈન અને એક બ્રિઝર મળીને રૂ. ૨૭૭૦ની કિંમતની ચાર બોટલ તથા રૂ. ૩ લાખની કાર મળી પોલીસે રૂ. ૩,૦૨,૦૭૦ ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરીને મહારાષ્ટ્રના બંને કોન્ટ્રાકટરોને સુધાકર હરીભાઈ લુહાર અને હેમંત અશોકભાઈ જાદવની ધરપકડ કરી દારુ કયાંથી લાવ્યા તે સહીતની પુછપરછ શરુ કરી છે.

# ચાલુ મીટીંગે હાર્ટ એટેક આવી જતાં સેકશન ઓફીસરનું મૃત્યુ

## નવા સચિવાલય બ્લોક નં ૧૪માં વન અને પર્યાવરણ વિભાગની મીટીંગ હતી

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેરના નવા સચિવાલય બ્લોક નં. ૧૪માં બપોરના અરસામાં વન અને પર્યાવરણ વિભાગની મીટીંગ હતી આ મીટીંગ ચાલી રહી હતી તે જ દરમિયાન એક સેકશન ઓફીસર અચાનક બેભાન થઈ જતા સહકર્મીઓ તાત્કાલીક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ ગયા હતા પરંતુ ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતાં. હાર્ટ એટેકથી મત્યુ થયું હોવાનું પ્રથમિક તબકકે જણાઈ આવતા પોલીસે તે મુજબ ગનો નોંધી પોસ્ટ મોર્ટમ કરાવી કેટલાક સેમ્પલ એફએસએલને મોકલી આપ્યા છે.

વન અને પર્યાવરણ વિભાગ દ્વારા દર સોમવારે અઠવાડીક મીટીંગનું આયોજન કરવામાં આવે છે. આજે પણ અઠવાડિક મીટીંગ નવા સચિવાલય બ્લોક નં. ૧૪માં આઠમે માળે યોજવામાં આવી હતી. આ મીટીંગ ચાલુ હતી તે અરસામાં અચાનક અમદાવાદ ભુયંગદેવ વિસ્તારમાં રહેતા એક સેકશન ઓફીસર ગણેશભાઈ સોલંકી (ઉ.વ.૫૫) બેભાન થઈને ઢળી પડયા હતાં. ગાંધીનગર સિવિલ હોસ્પિટલ તાત્કાલિક ખસેડવામાં આવેલા સેકશન ઓફીસરને ફરજ પરના તબીબે મૃત જાહેર કરતાં સન્નાટો મચી જવા પામ્યો હતો. અધિકારી સતત તણાવમાં રહેતા હોવાનું પણ જાણવા મળ્યું હતું. હાર્ટ એટેકથી મૃત્યુ થયું હોવાની પ્રાથમિક શંકા મુજબ સે-૭ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃત્યુનું સાચુ કારણ બહાર લાવવા પીએમ રીપોર્ટ પર પોલીસે મીટ માંડી છે.

## જે.બી. પ્રાથમિક શાળામાં નાતાલ પર્વની ઉજવણી

ગાંધીનગર, તા.૨૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત જે.બી. પ્રાથમિક શાળામાં નાતાલ પર્વ નિમિત્તે તા. ૨૪-૧૨-૨૦૧૪ને બુધવારના રોજ ધોરણ ૧ થી ૫માં પોયમ સીંગીગ સ્પર્ધા અને ધોરણ ૬ થી ૮ માં સ્ટોરી ટેલિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના ૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો સાથે સાથે વિદ્યાર્થીઓએ શાન્તા કલોઝનો વેશ લઈ તમામ વર્ગોમાં જઈ વિદ્યાર્થીઓનું અભિવાદન ઝીલ્યું હતું. અને પોયમ તથા સોન્ગ ગાઈને વિદ્યાર્થીઓને રમૂજ કરાવી હતી. આ પ્રસંગે શાળાનાં આચાર્યા શ્રીમતી નીવાબેન પટેલે તથા શાળા પરીવારે વિદ્યાર્થીઓને નાતાલની શુભકામનાઓ પાઠવી હતી.




માસ્ટર્સ એથ્લેટીકસ એસોસીએશન ઓફ ગુજરાત દ્વારા પોરબંદર ખાતે તાજેતરમાં ૩૪મા ગુજરાત સ્ટેટ માસ્ટર્સ એથ્લેટીકસ ચેમ્પીયનશીપ ૨૦૧૪નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શહેરના રાષ્ટ્રપતિ એવોર્ડ પ્રાપ્ત વિજેતા શ્રેષ્ઠ શિક્ષિકા અને નિવૃત્ત આચાર્ય શ્રીમતી ઈન્દુમતીબેન નૌતમલાલ નિમાવતે ૬૫ વર્ષથી વધુ વય મર્યાદાની ૧૦૦ મીટર દોડ, ૨૦૦ મી દોડમાં પ્રથમ નંબર મેળવી ૨ સુવર્ણચંદ્રક અને ગોળાફેંકમાં દ્વિતીય સ્થાન મેળવી સિલ્વર મેડલ એમ કુલ ત્રણ મેડલ પ્રાપ્ત કરેલ છે. ઉલ્લેખનીય છે કે છેલ્લા ૩ વર્ષથી તેઓ આ ત્રણેય સ્પર્ધામાં સુવર્ણચંદ્રક પ્રાપ્ત કરી ચુકયા છે. (તસવીર : કશ્યપ નિમાવત)

# લવારપુર સ્મશાન પાછળ જુગાર રમતા ૯ ઝડપાયા

## ભરબપોરે ખુલ્લેઆમ ટોળુ બાજી માંડીને બેઠુ હતું : ડભોડા પોલીસનો દરોડો

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર નજીક આવેલા લવારપુર ગામમાં સ્મશાન પાછળ ખુલ્લેઆમ જુગારની બાજી માંડીને ટોળુ બેઠું હોવાની બાતમીને આધારે ડભોડા પોલીસે દરોડો પાડી ૯ શકુનીઓને રંગે હાથ ઝડપી પાડયા હતા. રૂ. ૧૨ હજારના મુદ્દામાલ સાથે તમામ જુગારીઓની ધરપકડ કરીને ડભોડા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ડભોડા પીએસઆઈ પી.જે. સોલંકીને બાતમી મળી હતી કે લવારપુર ગામમાં સ્મશાન ગૃહની પાછળ ગૌચરની જમીનમાં ખુલ્લેઆમ કેટલાક ઈસમો જુગાર રમી રહ્યા છે.જેને આધારે બપોરે ડભોડા પોલીસની ટીમે દરોડો પાડીને નવ શખ્સોને પકડી પાડયા છે. અમદાવાદ માધુપુરા વિસ્તારના સેંધા ભેમા ઠાકોર તથા લવારપુરના પ્રહલાદ શકરા ઠાકોર, કનુ ઠાકોર, દશરથ ઠાકોર, સુરેશ ઠાકોર, વિનોદ પરમાર, પ્રકાશ ઠાકોર, રતિલાલ ઠાકોર અને અનુપ ઠાકારે મળીને ૯ શકુનીઓની રોકડ રૂ. ૯૩૬૦ તથા મોબાઈલ સહીત કુલ રૂ. ૧૨૨૧૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.



## કડવા પાટીદાર સત્તાવીસ સમાજનો સ્નેહ મિલન સમારંભ યોજાયો

ગાંધીનગર કડવા પાટીદાર સત્તાવીસ સમાજનો સ્નેહ મિલન સમારંભ સાદરા ખાતે ગુજરાત વિદ્યાપીઠના શારિરીક શિક્ષણ મહાવિદ્યાલય ખાતે યોજવામાં આવ્યો હતો. આ સમારંભમાં સમાજના અબાલવૃધ્ધ સૌ કોઈ જોડાયા હતાં અને વિવિધ કાર્યક્રમોમાં સહભાગી થયા હતા. આ કાર્યક્રમમાં સંસ્થા પરિચય પ્રા. રમેશભાઈ પટેલ અને ડાૅ. જમનાદાસ સાવલિયાએ કરાવ્યો હતો ત્યારબાદ અગ્રણી કાર્યકર મુકેશભાઈ પટેલે સમાજના વિકાસ અંગે માર્ગદર્શન આપ્યું હતું. સમારંભના મુખ્ય મહેમાન પેઈન સ્પેશિયાલીસ્ટ ડાૅ. હિતેશ પટેલે સમાજમાં સ્ત્રી ભૃણ હત્યા અટકાવવા હાકલ કરી હતી તેમજ શૈક્ષણિક અનુદાન આપ્યું હતું. સમાજના પ્રમુખ પંકજભાઈ પટેલે યુવા જાગૃતિ વિકાસ અંગે વાત કરી હતી. આ કાર્યક્રમમાં સમાજના ધો-૧ થી ૧૨ના તેજસ્વી તારલાંઓને ઈનામો આપી સન્માનિત કરાયા હતા. આ ઉપરાંત વકતૃત્વ સ્પર્ધા, ગીત ગુંજન, વાર્તાકથન વગેરે સ્પર્ધાઓના વિજેતાઓને પણ ઈનામો અપાયાં હતાં. કાર્યક્રમનું સંચાલન વિનોદચંદ્ર પટેલે કર્યું હતું તેમજ આભારવિધિ ડાૅ. મહેશભાઈ પટેલે કરી હતી.

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

**સૂર્યોદય : ૭.૨૨**
**સૂર્યાસ્ત : ૬.૦૩**

### તાપમાન

**મહત્તમ : ૨૫.૨ ડિ.સે.**
**લઘુત્તમ : ૧૧.૬ ડિ.સે.**

### ભેજનું પ્રમાણ

**સવારે ૫૪ ટકા ● સાંજે ૩૧ ટકા**

### મનોરંજન

**મૂવી પ્લેક્સ, કલોલ**

**: સ્કીન-૧ :**
પી.કે. : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
**સ્કીન-૨ :**
લિંગા : ૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૯.૩૦
**સ્કીન-૩ :**
પી.કે. : ૧૨.૦૦, ૬.૦૦
લિંગા : ૩.૦૦, ૯.૦૦

**સીટી પલ્સ**

**: સ્કીન-૧ :**
પી.કે. : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦
**: સ્કીન-૨ :**
પી.કે. : ૧૨.૦૦, ૫.૦૦, ૮.૦૦
**: સ્કીન-૩ :**
પી.કે. : ૧૧.૧૫
નાઈટ એટ ધ મ્યુઝિયમ (ઈંગ્લીશ) : ૨.૦૦, ૪.૦૦, ૬.૦૦, ૮.૦૦, ૧૦.૦૦
**: સ્કીન-૪ :**
પી.કે. : ૧૦.૦૦
અગલી : ૧.૦૦, ૧૦.૦૦
લિંગા (હિંદી) : ૩.૪૫
મુકુન્દા (તેલુગુ) : ૭.૦૦
**: સ્કીન-૫ :**
અગલી : ૪.૦૦
લિંગા (હિંદી) : ૬.૩૦
પી.કે. : ૯.૩૦

**સિનેમેક્સ**

**: સ્કીન-૧ :**
પી.કે. : ૯.૦૦, ૧૨.૨૦, ૩.૪૦, ૭.૦૦, ૧૦.૨૦
**: સ્કીન-૨ :**
પી.કે. : ૧૧.૨૦, ૨.૪૦, ૬.૦૦, ૯.૨૦
**સ્કીન-૩ :**
પી.કે. : ૯.૫૦, ૧.૦૦, ૪.૧૦, ૭.૩૦, ૧૦.૪૫
**સ્કીન-૪ :**
પી.કે. : ૧૦.૪૦, ૨.૦૦, ૫.૨૦, ૮.૪૦

### આપની આજ

**મેષ** : મિત્ર વર્ગ, શિક્ષા, સંતાન પક્ષ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને.

**વૃષભ** : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ. સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ.

**મિથુન** : વિશેષ લેવડ- દેવડથી બચવું. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિમાં વધશે.

**કર્ક** : નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. વ્યાપારમાં પ્રગતિ થશે.મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**સિંહ** : આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

**કન્યા** : પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો.

**તુલા** : કુટુંબ-વ્યાપાર સંબંધી કાર્યોમાં ભાગ્યવર્ધક યાત્રાઓનો યોગ. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

**વૃશ્ચિક** : કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે.

**ધન** : ધાર્મિક કાર્યોમાં વિશેષ ધન વ્યય થઈ શકે છે. ભાગીદારીઓથી વિશેષ લાભ. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : લંબિત સામાજિક પ્રકરણ સમાપ્ત થશે. અર્થને લગતી સમસ્યાઓ પર વિશેષ ચિંતન યોગ. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

**કુંભ** : પરિવાર, વેપારની બોદ્ધિક સમસ્યાઓનો વિવેકપૂર્ણ ઉકેલ કરવો. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**મીન** : વિશેષ લેવડ- દેવડથી બચવું. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિમાં વધશે.

### ચિરવિદાય

- સ્વ. હિરાબેન મોતીભાઈ વાળંદ (ઉ.વ.૯૦) મુ. ધણપ .તા.જી. ગાંધીનગર